PGVCL

# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ

પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમીટેડ

પાવર હાઉસ કમ્પાઉન્ડલ જી કે જનરલ હોસ્પિટલલ સામેલભુજ

ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્ષ:૦૨૮૩૨-૨૫૦૦૪૮

E-Mail- forumbhuj.pgvcl@gebmail.com


નં:કેસી/સીજીઆરએફ/૨૦૨૩ /૭૩ તારીખ: ૧૭/૦૪/ ૨૦૨૩

રજી. એ. ડી. દ્વારા

પ્રતિ

પાલુ ખીમજી મહેશ્રવરી

લુણગ નગર

રામ ક્રિશ્રના નગર ની પાછળ

અંજાર -કચ્છ

મોબાઇલ નંબર:-

વિષય:- પીજીવીસીએલ ક્નેકશન ગાહ્ક નંબર ૩૮૨૦૨/૦૯૯૭૭/૬ ના બીલ અંગે

સંદર્ભ:- (૧)આપની અરજી નોધણી નંબર :- પીજી૦૧/૦૦૪/૨૦૨૩-૨૪

મહાશય શ્રી,

આપના દ્વારા ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ ભુજ સમક્ષ કરવામાં આવેલ અરજીના ચુકાદાની પ્રમાણિત નકલ આ સાથે સામેલ છે. જે આપની જાણ સારું.

કન્વીનર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભૂજ.

બિડાણ-ઉપર મુજબ

(૧) કાર્યપાલક ઈજનેર,પીજીવીસીએલ,વિભાગીય કચેરી, અંજાર

( સદર નિર્ણયપત્રની નક્લ આપશ્રીને આ સાથે મોકલવામાં આવે છે જેની તમામ વિગતો અભ્યાસે લઇ અને નામદાર ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગાહ્ક તકરાર નિવારણ ફોરમ અને લોક્પાલ ) વિનિમયો, જાહેર નામા નં ૦૨/૨૦૧૯ ની વિનીમય નં ૨.૫૪ અનુસાર, સદર હુક્મના પાલન અંગે થયેલ કાર્યવાહીનો અહેવાલ અત્રેની ફોરમ કચેરી ને અચુક મોક્લી આપવા વિનતી)

(૨) નાયબ ઇજનેરશ્રી,પીજીવીસીએલ,પેટા-વિભાગીય કચેરી, અંજાર શહેર

ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ,ભુજ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી.
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન નંબર ૦૨૮૩૨-૨૪૩૫૫૦ ફેક્ક્ષ ૦૨૮૩૨-૨૫૦૦૪૮
Email - forumbhuj.pgvcl@gebmail.com.

કેસી/સીજીઆરએફ/૨૦૨૩ તા. / /૨૦૨૩

૨૦૦૩ના ભારતીય વિજળી અધિનિયમની કલમ૪૨ (૫) તેમજ ગુજરાત વિધ્યુતનિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો ૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૯ હેઠળ રચાયેલ ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વિજ કંપની લી. ભુજના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

No.PG01-004-2023-24

પાલુ ખીમજી મહેશ્વરી
ગામ:- અંજાર, જી:-કચ્છ...............અરજદાર.

વિરુધ્ધ

કાર્યપાલક ઈજનેરશ્રી,
પીજીવીસીએલ વિભાગીય કચેરી, અંજાર -કચ્છ...........સામાવાળા.

બાબત:- વીજ બીલમાં આવેલ વધારાની રકમ અંગે...

અરજદાર તરફે :- શ્રી પાલુ ખીમજી મહેશ્વરી

સામેવાળાના તરફે :- એમ.આર ધામેચા (કાર્યપાલક ઈજનેર)
પીજીવીસીએલ અંજાર વિભાગીય કચેરી, અંજાર.

કોરમ: (૧) શ્રી એન.સી.મકવાણા - ચેરપર્સન
(૨) શ્રી આર.જી.કુંપાવત - સ્વતંત્રમેમ્બર

સુનાવણી સ્થળ:- પીજીવીસીએલ વર્તુળ કચેરી, અંજાર
તા.: ૨૫/૦૭/૨૦૨૩

ફરીયાદ નિવારણ ફોરમ ભુજ

# ઠરાવ

આ કામના અરજદારશ્રી પાલુ ખીમજી મહેશ્વરી ગામ અંજાર મધ્યે ગ્રાહક નંબર ૩૮૨૦૨/૦૯૯૭૭/3 ઘરવપરાશનું વીજ કનેક્શન ધરાવે છે.

અરજદારની રજૂઆત મુજબ તેઓને માસ ડીસેમ્બર-જાન્યુઆરીનું વીજબીલ મળેલ છે,જેમાં બીલની રકમ રૂ.૨૩૬૧૮/- દર્શાવેલ છે.સદર વીજબીલમાં અગાઉના એરિયર્સ પેટે રૂ.૨૨૪૩૩.૮૪ લખાયેલ છે. છે.ગ્રાહકના જણાવ્યાનુસાર તેઓનું જુનું વીજ મીટર પીજીવીસીએલની કસ્ટડીમાં છે,જયારે નવા મીટર મુજબ તેઓનું વીજબીલમાં ૧૬૧ યુનિટના વપરાશ મુજબ રૂ.૧૧૮૪/-નું વીજબીલ થાય છે જે તેઓએ ભરપાઈ કરી આપેલ છે. અમારો સરેરાશ વપરાશ ઓકટોમ્બર નવેમ્બર ૨૦૧૮ થી રુ ૨૫૦૦ થી અંદર જ આવેછે .તેનુ સ્ટેટમેંન્ટ બીલ સાથે રજુ કરેલ છે. આમ ઉપરોક્ત વીજ બીલ સામે અમો ને વાંધો છે. અને હાલે અમારો મીટર રનીંગ માં છે, અને એમા માસ ડીસેમ્બર – જાન્યુઆરી ૨૦૨૩ માં અમારો સરેરાશ વપરાશ ૧૬૧ યુનીટ આવેલ છે. અને તેમના રુ ૧૧૮૪- ભરેલ છે .તે મુજબ ની હકીક્ત ખરી છે. આ સાથે જરુરી પેપર્સ અરજી સાથે સામેલ રાખેલ છે. પંરતુ પીજીવીસીએલ કચેરી દ્વારા વધારાનુ બીલ આપેલ છે. તે ભરવા અમોને દબાણ કરે છે. જેથી મારી આ રજુઆત સ્વીકારી નિર્ણય કરવા વિનંતી.

બીજી તરફ પીજીવીસીએલના અધિકારીઓ દ્વારા રજૂઆત એવી છે કે સદરહુ અરજદારનું ગામ અંજારમાં,અંજાર ટાઉન પેટાવિભાગીય કચેરીના સદરહુ વીજજોડાણ તા.૦૭/૦૮/૨૦૨૧ ના રોજ મીટર નંબર PGST-02021869 વાળું મીટર ગ્રાહકના પ્રતિનિધિની હાજરીમાં બદલેલ જે કનેક્શન ના તા.૨૫/૧૨/૨૦૨૧ના રોજ લેબ રીડીંગ 14745kwh નોંધાયેલ છે જયારે ગ્રાહકના બીલીગ રીડીંગમાં છેલ્લા પંચ થયેલ (નોંધાયેલ) રીડીંગ 11754 kwh હતા જેનો તફાવત ૨૯૯૧ યુનીટ નીકળતા તથા એવરેજ બીલ બાદ કરતાં (૨૯૯૧-૪૯૨) કુલ્લ -૨૪૯૯ યુનિટના બીલની રકમ ગ્રાહકના ખાતામાં ડેબિટ ભરેલ છે.સદર બીલ બાબતે ગ્રાહકને ઓફીસ દ્વારા રૂબરૂ બોલાવીને બીલની ગણતરી તથા એવરેજ બીલ બાદ કરી આપીને બીલની સમજણ આપેલ છે.

ફરિયાદ નિવારણ ફોરમ પી.જી.વી.સી.એલ. ભુજ

બન્ને પક્ષકારોની રજૂઆત જોતા હકીકતમાં ગ્રાહકના જુના મીટરમાં જે જુના મીટર રીડીંગ નોંધાયેલ હતા અને પીજીવીસીએલ દ્વારા લેબમાં નોંધાયેલ યુનીટ વચ્ચેના તફાવતની રકમ પીજીવીસીએલ કંપનીના નિયમ મુજબ એવરજ બીલ બાદ કરતાં કુલ્લ ૨૪૯૯ યુનિટના બીલની રકમ રૂ. ૧૯૬૧૫.૩૪ ગ્રાહકના વીજ બીલમાં ઉધારેલ છે. આમ,સદરહુ ફરિયાદ ઉદભવી છે. સદરહુ અરજદાર ની મીટર બદલ્યા પહેલાનુ વીજવપરાશ અને મીટર બદલ્યા પછી ના વીજવપરાશ ની પેટૅન જોતા સદરહુ મીટર ના તારીખ ૨૫/૧૨/૨૦૨૧ ના રોજના લેબ રીપોટૅ દશાવેલ યુનીટ તફાવત ૨૯૯૧ યુનીટ મા વિસંગતતા માલુમ પડે છે . વધુ માં લેબ ટેસ્ટીગ વખતે સદરહુ મીટર નો "Accuracy Test" પણ લેવામાં આવેલ નથી, અને અરજદારની રજુઆત મુજબ વીજ વપરાશ ના ઉપકરણો વગેરે બાબતો ધ્યાને લેતા સદરહુ ગ્રાહક દ્વારા એમના મુજબના બીલો ભરપાઇ કરવામાં આવેલ છે. અને માસ જુન –જુલાઇ ૨૦૨૧ મા આપવામાં આવેલ " FAULTY METER' ના એવરેજ બીલ ૪૧૦ યુનીટ જે રીકવરી પાત્ર છે. જ્યારે બાકીના તફાવત ના ૨૪૯૯ યુનીટ રીકવરી પાત્ર નથી.

-: હુકમ:-

- પીજીવીસીએલ એ કરેલ તફાવત યુનીટ ૨૪૯૯ ની રીકવરી રદ કરી અરજદાર ને રીવાઇઝ બીલ દિવસ ૭ માં આપવુ
- અરજદારની અરજી મંજુર કરવામાં આવે છે.
- ખર્ચ અંગે કોઈ હુકમ કવામાં આવતો નથી.
- આ હુકમ આજ તા.૨૫/૦૭/૨૦૨૩ ના રોજ જાહેર કર્યો .

(આર.જી.કુંપાવત)
સ્વતંત્ર મેમ્બર

(એન.સી. મક્વાણા )
ચેરપર્સન